# HGH INDIA® 2019

HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE

JULY 2-4, 2019 MUMBAI, INDIA

NEWS 2

A TEXZONE Event

Where business feels at home!


# હોમ ટેક્સટાઇલ્સ એન્ડ ફર્નિશિંગ ઘણું બધું જુઓ !

હોમ ટેક્સટાઇલ અને ફર્નિશિંગ ફેબ્રિક્સ ભારતીય હોમ પ્રોડક્ટ્સ બજારમાં નિ:શંક રીતે સૌથી વિશાળ અને સૌથી ઉત્તમ સ્થાપિત સેગમેન્ટ છે. આમ છતાં ભારતમાં તેની અત્યંત ઓછી ઉપભોગ સપાટીને ધ્યાનમાં લેતાં આ સેગમેન્ટ ટૂંકા અને લાંબા સમયગાળામાં અત્યંત ઉચ્ચ વૃદ્ધિની સંભાવના ધરાવે છે. મેટ્રો અને મિની- મેટ્રો પર જ ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે રિટેઇલર્સ, ઉત્પાદકો, બ્રાન્ડ્સ અને આયાતકારોએ ભારતભરમાં ભાવિ ૧૦૦ સ્માર્ટ સિટીઝ અને ટિયર ૨ અને ટિયર ૩ શહેરોમાં પણ વેપાર તકો વધારવા માટે બારીકાઈથી ધ્યાન આપવું જોઈએ.

ભારતીય હોમ ટેક્સટાઇલ્સ મટિરિયલ્સ અને કળાકારીગરી અને પ્રિન્ટ, એમ્બ્રોઇડરી, વણાટવાળી ડિઝાઇન કે કળાકૃતિઓની દષ્ટિએ કળાકૌશલ્ય અને નાવીન્યપૂર્ણતાની દષ્ટિએ અત્યંત ઉચ્ચ ગુણવત્તા તરીકે દુનિયાભરમાં પ્રસિદ્ધ છે. આને કારણે ભારતે બધી મુખ્ય આંતરરાષ્ટ્રીય બજારોમાં પોતાની છાપ છોડી છે, જેમાં યુએસએ, જર્મની, ફ્રાન્સ, યુકે, ઇટાલી, ઇસ્ટ યુરોપ, જાપાન, ઓસ્ટ્રેલિયા, ચાઇના, કેનેડા, મિડલ- ઇસ્ટ એશિયા વગેરેનો સમાવેશ થાય છે. આજે ભારત હોમ ટેક્સટાઇલ્સમાં દુનિયાની કુલ નિકાસનો આશરે ૯ ટકા હિસ્સો ધરાવે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતે ઉચ્ચ વૃદ્ધિ અને બજાર આગેવાની હાંસલ કરી છે ત્યારે અહીંના ઉત્પાદકોએ છેલ્લાં સાતથી આઠ વર્ષ દરમિયાન ઘરઆંગણાની બજારમાં તેમના માર્કેટિંગ પ્રયાસો શરૂ કર્યાં છે. હોમ ટેક્સટાઇલ્સનો ઉપભોગ પણ વાર્ષિક ૧૫-૨૦ ટકા વચ્ચે વધી રહ્યો છે, ભારતમાં કેટલીક બ્રાન્ડેડ પ્રોડક્ટો ઉપલબ્ધ છે. એચજીએચ ઇન્ડિયા ભારતીય બજારમાં તેમની હોમ ટેક્સટાઇલ્સ બ્રાન્ડ્સ સ્થાપિત કરવા માટે અગ્રણી ઉત્પાદકો અને



માસ્પર

નિકાસકારોને મદદરૂપ થવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ખરીદદારોના પરિપ્રેક્ષ્યથી એચજીએચ ઇન્ડિયાએ દેશભરમાં વધુ ને વધુ બ્રાન્ડેડ પ્રોડક્ટો ભારતીય ડિસ્ટ્રિબ્યુટર્સ અને રિટેઇલર્સ પાસે લાવીને તેમને સ્રોત કરવાનો માર્ગ આપ્યો છે.

હોમ ટેક્સટાઇલ્સમાં બેડ શીટ્સ એકમાત્ર એવી સૌથી વિશાળ શ્રેણી છે, જે દેશમાં કુલ હોમ ટેક્સટાઇલ્સ રિટેઇલ વેચાણના ૫૦ટકા સાથે ઘરઆંગણાની બજારમાં વેચાઈ રહી છે. આ પછી કર્ટન મટિરિયલ્સ, અપહોલ્સ્ટરી ફેબ્રિક્સ, બેડ કવર્સ, કુશન કવર્સ અને પિલોઝ, ડ્યુરીઝ, રગ્સ અને કાર્પેટ્સનો સમાવેશ થાય છે. બ્લાઇન્ડ્સની માગણી ઝડપથી વધી રહી છે. રેડીમેડ મેટ્રેસિસ અને પિલોઝ વર્ષ દર વર્ષ લગભગ ૧૦૦ ટકાની વાર્ષિક ગ્રાહક માગણીમાં વૃદ્ધિ સાથે ઝડપથી વૃદ્ધિ પામતી શ્રેણીમાંથી એક છે. વિઝિટર્સને એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯માં તેમના વેપાર અને હોમ ટેક્સટાઇલ્સનો પ્રશ્ન છે ત્યાં સુધી લાભદાયક અનુભવ થઈને રહેશે. તેઓ ૨૦૧૯-૨૦ માટે ભાવિ હોમ ફેશન ટ્રેન્ડ્સ માટે વરતારાનો અભ્યાસ કરવા સાથે બજારના આગેવાનો માટે ઘણા બધા ઇનોવેશન્સ જોઈ શકશે, નવા ભારતીય અને આંતરરાષ્ટ્રીય પુરવઠાકારોને ઓળખી શકશે અને બજારની માહિતીની જાણકારી મેળવી શકશે.



રૂમર્સ

**નવીનીકરણ ■ વલણ ■ ઉત્પાદનો ■ સ્ત્રોત ■ તકો**

# હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટમાં નવીન વિવિધતાનું પ્રદર્શન

**ફર્નિશિંગ ફેબ્રિક્સ:** બદલાતા બજારનું માળખું અને ટિયર ૨ અને ટિયર ૩ શહેરો અને મહાનગરોમાં ખૂલતા સેંકડો નવા સ્ટોર્સને લીધે ગ્રાહકોની માગણીમાં કોઈ પણ ઘટાડા વિના રિટેઇલર્સમાં સ્પર્ધા વધી રહી હોવાથી છેલ્લા એક વર્ષ દરમિયાન રિટેઇલમાં મંદ પ્રવાહો છતાં ફર્નિશિંગ ફેબ્રિક્સ ઘણા બધા નવા ખેલાડીઓને સતત આકર્ષી રહ્યાં છે. આ સંકેત આપે છે કે ભારતમાં ફર્નિશિંગ બિઝનેસની પ્રેરકશક્તિ બદલાતી હોવા છતા ઉચ્ચ બજાર સંભાવના છે.

ફર્નિશિંગ ફેબ્રિક્સ ફરી એક વાર એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯માં પણ સૌથી વિશાળ પ્રોડક્ટ સેગમેન્ટ્સમાંની એક બની રહેશે. ઉદ્યોગ આ ક્ષેત્રમાં પણ માગણી વધવાની ધારણા રાખે છે,

પ્રસિદ્ધ ડી ડેકોર, ડીસીટેક્સ, એફ એન્ડ એફ, લક્ઝર, રુમર્સ, ઝાયન્ના, પ્રેટ-ફેબ, કેસી ફેબ્રિક્સ, ન્યૂ કેસલ, વાયા (યુટીએમ), વી એન્ડ જે, જેમ કલેકશન્સ, રિલાયેબલ ડ્રેપ્સ ૨૦૧૯-૨૦ની રિટેઇલ સીઝન માટે કર્ટન, ડ્રેપરી, અપહોલ્સ્ટરી અને ડેકોરેટિવ ફેબ્રિક્સ માટે તેમનાં નવાં કલેકશન્સ અને કેટલોગ્સ લોન્ચ કરશે.

તમે આઈએફઆઈ (ગ્રીસ), ડિઝાઇનર્સ ગિલ્ડ (યુકે), ઝિમ્મર પ્લસ રોહદે (જર્મની), કાસામાન્સ (ફ્રાન્સ), હર્લેક્વિન (યુકે), માઇક્રોફાઇબર્સ (યુએસએ), સર્ટેક્સ (ટર્કી) જેવી નામાંકિત આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ પાસેથી નવાં આંતરરાષ્ટ્રીય ફેબ્રિક કલેકશન્સ પણ જોઈ શકશો, તેઓ પ્રત્યક્ષ અથવા તેમના ભારતીય વિતરણ ભાગીદારો થકી હાજરી આપશે.

ઉપરાંત ફર્નિશિંગ અને અપહોલસ્ટરી ફેબ્રિક્સના સેંકડો ઉત્પાદકો અને ખાનગી લેબલ પુરવઠાકારો સમૂહ બજાર અને પ્રીમિયમ સેગમેન્ટ્સ માટે સોર્સિંગ નિવારણોની વ્યાપક શ્રેણી ઓફર કરશે.

**બેડ એન્ડ બાથ:** બેડ એન્ડ બાથ ભારતનાં કુલ રિટેઇલ વેચાણમાં ૫૦ ટકાના હિસ્સા સાથે ભારતમાં સર્વ હોમ ટેક્સટાઇલ્સ બજારનું સૌથી મોટું સેગમેન્ટ છે. તે વાર્ષિક ૧૫ ટકાએ વધે છે. તેને લીધે ઘણા બધા નવા ખેલાડીઓ અને પ્રોડક્સ ઇનોવેશન્સ દર વર્ષે બજારમાં પ્રવેશી રહ્યાં છે. આ પ્રવાહ ફરી એક વાર એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯માં જોવા મળશે, જેમાં ઘણા બધા નવા પ્રવેશ સહિત આ સેગમેન્ટમાં લગભગ ૪૦ એક્ઝિબિટર્સ જોવા મળશે. અગ્રણી બ્રાન્ડ્સમાં બોમ્બે ડાઈંગ, ટ્રાઇડેન્ટ, ડી' ડેકોર, માસ્પર, માઇક્રો કોટન, બેલા કાસા,બોનહાર, ડીસીટેક્સ, સેસોન, બિયાન્કા, કેપ્સ, માર્ક- હોમ, ફ્લોરિડા, સ્ટાઇલા અને સોફ્ટવીવ તેમનાં પ્રોડક્ટ ઇનોવેશન્સ અને વેપાર માટે નવી ડિઝાઇનો રજૂ કરશે. ઉપરાંત મુંબઈ, અમદાવાદ, લુધિયાણા, પાણીપત, જયપુર, કોઇમ્બતુર અને કરૂરમાંથી સેંકડો


ડ્યુરોફ્લેક્સ

અગ્રણી ઉત્પાદકો ભારતની ઘરઆંગણાની બજારમાં તેમની બ્રાન્ડ્સને પહેલી વાર રજૂ કરશે અથવા રિટેઇલર્સ અને સ્થાપિત બ્રાન્ડ્સને પ્રાઇવેટ લેબલ ઉત્પાદન સુવિધાઓ ઓફર કરશે.

**મેટ્રેસિસ એન્ડ પિલોઝ:** લગભગ ૫-૭ વર્ષમાં ભારતીય ગ્રાહકોને આરોગ્યવર્ધક, તંદુરસ્ત અને કાર્યક્ષમ રહેવા માટે યોગ્ય માત્રામાં ઊંઘ મળવી જોઈએ તેનું મહત્ત્વ સમજાવા લાગ્યું છે. આ કારણે વ્યક્તિગત જરૂરિયાત માટે અનુકૂળ મટિરિયલ્સ અને ટેકનિક્સમાં ઉચ્ચ ગુણવત્તાના મેટ્રેસિસ અને પિલોઝની માગણીમાં ભરપૂર વૃદ્ધિ જોવા મળી છે.

ભારતમાં સ્થાપિત ખેલાડીઓ તરફથી નવી પ્રોડક્ટો અને નવી બ્રાન્ડ્સ અને નવી શ્રેણીઓ રોજ બજારમાં પ્રવેશી રહી છે ત્યારે આ સેગમેન્ટમાં ક્રાંતિકારી માગણી અને તકોની વૃદ્ધિ રિટેઇલર્સ, ડિસ્ટ્રિબ્યુટર્સ, ઇન્સ્ટિટ્યુશનલ બાયર્સ અને ઇન્ટિરિયર ડિઝાઇનર્સ માટે આ ઉચ્ચ ગતિશીલ સેગમેન્ટ સાથે તાલ મેળવી ચાલવાનું મુશ્કેલ બની રહ્યું છે.

એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯ કર્લ-ઓન, સ્પ્રિંગફિટ, ડ્યુરોફ્લેક્સ, કિંગ કોઇલ, સેન્ચુરી, નીલકમલ અને ડો. બેક જેવી ઉત્તમ સ્થાપિત બ્રાન્ડ્સ પાસેથી ઇનોવેશન્સ અને નવી પ્રગતિઓ સમજવામાં વિઝિટર્સને મદદરૂપ થશે. ઉપરાંત સંબંધિત નવાગંતુકો મેમોઇર, રિપોઝ, રિલેક્સવેલ, રેમકો, સ્લીપમેક્સ પણ અલગ અલગ બજાર સેગમેન્ટ્સમાં મેટ્રેસિસ અને પિલોઝની અલગ


એના સિમોના

અલગ શ્રેણી ઓફર કરશે.

**ડેકોરેટિવ મેડ-અપ્સ:** ભારતીય ગ્રાહકોમાં તેમના રહેઠાણને શણગારવા માટે ઉત્તમ ડિઝાઇન કરાયેલા મેડ-અપ્સનો મોહ વધી રહ્યો હોવાનું જોવા મળી રહ્યું છે. આ સામે રિટેઇલર્સ વાર્ષિક ૨૦-૨૫ ટકા સુધી વધી રહેલી ઘરગથ્થુ માગણી ધરાવતી પ્રોડક્ટો માટે સેલ્ફ અને ફ્લોર સ્પેસ વધારવાની જરૂર છે.

કુશન્સ, કુશન કવર્સ, કર્ટન્સ, બ્લાઇન્ડ્સ, બેડ કવર્સ, ડ્યૂવેટ કવર્સ, ક્વિલ્ટ્સ, થ્રોઝ, કમ્ફર્ટર્સ, શેમ્સ, બોલ્સ્ટર્સ, સોફા કવર્સ કોર્ડસ, ટેસલ્સ અને અન્ય ડેકોરેટિવ હોમ ટેક્સટાઇલ્સ જેવા ડેકોરેટિવ મેડ-અપ્સમાં ભારત ઉચ્ચ ગુણવત્તાની પ્રોડક્ટ્સ અને બેજોડ ડિઝાઇનો અને વરાઇટીઓ ઉત્પાદન કરવા માટે દુનિયાભરમાં જાણીતું છે. અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય બજારો પર જ ધ્યાન કેન્દ્રિત કરતા અગ્રણી એક્સપોર્ટર્સને હવે ભારતની ઘરઆંગણાની બજારની ઉચ્ચ સંભાવનાનું ભાન થવા લાગ્યું છે અને હવે તેમની વિશ્વ કક્ષાની પ્રોડક્ટ્સ એચજીએચ ઇન્ડિયા થકી ઇન્ડિયન રિટેઇલર્સ, ઇન્ટિરિયર ડિઝાઇનર્સને ઓફર કરવા લાગ્યા છે. આ વર્ષે પણ વિઝિટર્સને દેશભરમાંથી ઘણા બધા નિયમિત અને નવા એક્ઝિબિટર્સ પાસેથી અજોડ શ્રેણીઓ જોવા મળી શકશે.

મુંબઈ, દિલ્હી, જયપુર, પાણીપત, અમદાવાદ, સુરત, કોલકાતા, કુન્નુર, કરૂર, ચેન્નાઈ, બેન્ગલુરુ અને ભારતના ઘણા બધા ભાગોમાંથી નામાંકિત બ્રાન્ડ્સ અને અગ્રણી એક્સપોર્ટર્સ ઉફ્રત પ્રોડક્ટ્સમાં ઇનોવેટિવ ડિઝાઇન્સની વ્યાપક શ્રેણી પ્રદર્શિત કરશે. એના સિમોના (ટેક્સટ્રેડ), માસ્પર, આયડેમ (ગ્રાસિમ જન સેવા ટ્રસ્ટ), લૂમ (શબરી ઇન્ટરનેશનલ), હાઉસ ઓફ ઇન્કાસ, ટેક્સ એન ક્રાફ્ટ (ટેક્સસ્ટાઇલ્સ), બિયાન્કા, પેન ઓવરસીઝ, હોમ પ્લસ રિટેઇલર્સ, આમાના મોટા ભાગના નામાંકિત એક્સપોર્ટર્સ અને અગ્રણી એક્ઝિબિટર્સમાંના આ કેટલાક નામ છે.

ગોપાલાસ, સુખ સાગર અને સ્ટર્લિંગ જયપુરથી મેડ-અપ્સની શ્રેણી લાવશે, જે તેની પારંપરિક ડિઝાઇનો અને ખાસ બ્લોક પ્રિન્ટિંગ, સંગાનેર પ્રિન્ટ્સ, ક્વિલ્ટિંગ, એમ્બ્રોઇડરી અને કાફ્ટવર્ક માટે ઓળખાય છે.

**બ્લાઇન્ડ્સ:** બ્લાઇન્ડ્સની સૂર્યથી રક્ષણ અને ડેકોરેટિવ ઇન્ટિરિયર્સ માટે પારંપરિક કર્ટન્સ અને વિંડો ડ્રેપિંગના પૂરક તરીકે ભારતમાં લોકપ્રિયતા વધી રહી હોવાથી ભારત અને અન્ય દેશોમાંથી લગભગ ૨૫ અગ્રણી બ્રાન્ડ્સ એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯માં તેમની વ્યાપક


બોમ્બે ડાઇંગ


ટોસો

# એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯: ૭૦૦ બ્રાન્ડ્સ અને મેન્યુફેક્ચર્સ પાસેથી સ્રોત કરશે

શ્રેણી સાથે હાજર રહેશે. પ્રોડક્ટ્સમાં રોલર, વર્ટિકલ, વેનેશિયન અને રોમન બ્લાઇન્ડ્સ

તેમ જ બ્લેકઆઉટ કર્ટન્સનો સમાવેશ થાય છે. જાપાનની ટોસો, ધ નેધરલેન્ડ્સની ફોરેસ્ટ, ફ્રાન્સની સોમ્ફી, યુએઈની પાનફુલ અને ચાઇનાની એ-ઓકે અને ઝેનજિયાંગ ડેશેનગ્લોંગ ભારતીય રિટેઇલર્સ, ડિસ્ટ્રિબ્યુટર્સ, આર્કિટેક્ટ્સ અને ઇન્ટિરિયર ડિઝાઇનર્સ માટે તેમનાં નવાં આંતરરાષ્ટ્રીય ઇનોવેશન્સ રજૂ કરશે.

ભારતની અગ્રણી અને ઝડપથી વૃદ્ધિ પામતી પ્રીમિયમ બ્રાન્ડ ડી'ડેકોર તેમની સંપૂર્ણ નવી શ્રેણી રજૂ કરશે ભારતીય બ્રાન્ડ્સમાં એનબીટી, નોવા, ડેકો વિન્ડો, ટચ બ્લાઇન્ડ્સ, શેડ્સ, વિયેન્તો અને કાઝાગી બ્લાઇન્ડ્સની તેમની નવી રેન્જ પ્રદર્શિત કરશે. બ્લાઇન્ડ્સની માગણી ભારતીય બજારમાં વાર્ષિક લગભગ ૨૫ ટકાથી વધી રહી છે. વિઝિટર્સ બ્લાઇન્ડ અને કર્ટન મેકેનિઝમમાં ઇનોવેશન્સ અને ઓટોમેશન અનુભવી શકશે.

**બાથ મેટ્સ અને એક્સેસરીઝ:** આરોગ્ય, સ્વચ્છતા અને જીવનશૈલી સુધારણાને લઈ બહેતર બાથરૂમ્સ પ્રત્યે ભારતીય ગ્રાહકોમાં જાગૃતિ વધી રહી છે. આ બજારની તકોનો લાભ લેવા માટે બાથરૂમ સ્લિપર્સ, બાથ રોબ્સ, શાવર કર્ટન્સ જેવી બાથરૂમ એક્સેસરીઝના લગભગ ૨૫ ઉત્પાદકો, બ્રાન્ડ્સ, આયાતકારો અને નિકાસકારો તેમની શ્રેણી ઓફર કરવા માટે પ્રદર્શન કરશે. ભારતના અગ્રણી નિકાસકારોમાં પાણીપતથી પેન ઓવરસીઝ, રિવિયેરા ટેક્સટાઇલ્સ, ટેક્સ એન ક્રાફ્ટ, હોમ ફ્લોર, દિલ્હીથી સોપરોઝ આ પ્રોડક્ટ્સની આંતરરાષ્ટ્રીય શ્રેણી ઘરઆંગણાની બજારમાં પ્રસ્તુત કરશે. બીજી બાજુ ઓબ્સેશન, ફીલાન્સ, ડિવાઇસ, શ્રેસ્મો જેવી બ્રાન્ડ્સ તેમના પોતાના બ્રાન્ડ નામ હેઠળ તે જ પ્રોડક્ટોની આયાતી અને ડિઝાઇનર શ્રેણી લાવશે. બાથરૂમ એસેસરીઝના હાર્ડ ગૂડ્સમાં સોપ ડિસ્પેન્સર્સ, સોપ ડિશ, બ્રશ હોલ્ડર્સ, સોપ ડિશ, ટોવેલ રિંગ્સ, ટોઇલેટરી રેક્સ અને ટ્રેઝ, બાથ ક્લોઝેટ્સનો સમાવેશ થાય છે. આ આયાતી અને ભારતીય પ્રોડક્ટોની શ્રેણી ઓબ્સેશન, ફીલાન્સ, ડિવાઇન અને શ્રેસ્મો દ્વારા ઓફર કરવામાં આવશે.

**રગ્સ એન્ડ કાર્પેટ્સ:** ભારત હસ્તબનાવટની



સીઇપીસી



પેન ઓવરસીઝ

રગ્સ અને કાર્પેટ્સનો સૌથી મોટો નિકાસકાર છે, જે દુનિયાની બજારનો લગભગ ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. ભારતીય ઘરઆંગણાની બજારમાં હસ્તબનાવટની રગ્સ અને કાર્પેટ્સની વધતી માગણીને જોતાં કાર્પેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (સીઈપીસી) ચોથી વાર એચજીએચ ઇન્ડિયા ખાતે તેના સભ્યો માટે ગ્રુપ સહભાગ આયોજન કરી રહી છે. ૧૯ નામાંકિત રગ્સ અને કાર્પેટ એક્સપોર્ટર્સ ભારતીય રિટેઇલર્સ, ડિસ્ટ્રિબ્યુટર્સ અને ઇન્ટિરિયર ડિઝાઇનર્સને સીઈપીસીની છત્રછાયા હેઠળ તેમની શ્રેણી બતાવશે, જે તેમના અને રિટેઇલર્સ માટે નવી બજારની તકો ખોલી નાખશે. ભારતીય બજારમાં રગ્સ અને કાર્પેટ્સની માગણી વાર્ષિક ૩૦-૩૫ ટકાથી વધી રહી છે. હેન્ડ-નોટેડ, હેન્ડ ટફ્ટેડ અને હાથવણાટ કરેલી કાર્પેટ્સના વિવિધ પ્રકાર ભારતમાં ભરપૂર નિર્માણ કરવામાં આવે છે, પરંતુ દેશ તેના ઘરઆંગણાના ઉપભોગ માટે મશીન-મેડ રગ્સ અને કાર્પેટ્સની આયાત પર આધાર રાખે છે. ભારતની આગવી બજારમાં હેન્ડમેડ રગ્સની માગણી છે ત્યારે સમૂહ બજારમાં કિંમત સતર્ક ગ્રાહકો ટર્કી, બેલ્જિયમ, ઇરાન, ઇજિપ્ત અને ચાઇના જેવા દેશોમાંથી સસ્તી મશીન- મેડ કાર્પેટ્સને અગ્રતા આપે છે. હાલમાં ઓસ્કાર એક્સપોર્ટસ અને ઓવરસીઝ કાર્પેટ્સ જેવા ઉત્પાદકોએ પણ ભારતમાં મશીન- મેડ કાર્પેટ્સ બનાવવાનું શરૂ કર્યું છે. વિઝિટર્સ એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯ ખાતે તેમની શ્રેણીમાંથી સ્રોત કરી શકશે. ઉપરાંત સિલ્ક, વૂલ, કોટન સિન્થેટિક અને રિસાઇકલ્ડ મટિરિયલ્સ, ડ્યુરીઝ, પ્રેયર મેટ્સમાં હેન્ડમેડ અને મશીન મેડ કાર્પેટ્સ અને રગ્સની વ્યાપક શ્રેણી ભદોહી, પાણીપત, જયપુર, વારાણસી, દિલ્હી અને કાશ્મીરથી લગભગ ૨૫ અગ્રણી ઉત્પાદકો દ્વારા પ્રદર્શિત કરવામાં આવશે. અમુક અગ્રણી એક્ઝિબિટર્સમાં ક્વાલીન, કાર્પેટ્સ બાય આરકેએસ અને ઓનિક્સનો સમાવેશ થાય છે.

**ટેબલ અને કિચન લિનેન:** ટેબલ અને કિચન લિનેન હાલમાં ભારતીય પરિવારોની રસોઈ બનાવવાની અને ખાવાની આદતોને લીધે ભારતીય હોમ ટેક્સટાઇલ્સ બજારનો અત્યંત નાનો હિસ્સો છે. જોકે ખાસ કરીને પશ્ચિમી જીવનશૈલીથી પ્રભાવિત યુવા, શહેરી ગ્રાહકોમા આ સેગમેન્ટમાં માગણી ઝડપથી વધી રહી છે.

એચજીએચ ઇન્ડિયામાં ૨૦૧૯માં મુંબઈમાંથી બિયાન્કા, વિનમાર્ક અને કુનાલ એન્ટરપ્રાઇઝીસ, દિલ્હી અને ચેન્નાઈથી માસ્પર, ચેન્નાઈથી હોમટેક્સ ગિફ્ટ પેક્સ સહિત ટેબલ અને કિચન લિનેનની બ્રાન્ડેડ શ્રેણી લાવશે. ઉપરાંત હેન્ડલૂમ અને પાવરલૂમ આધારિત ટેબલ અને કિચન લિનેન શ્રેણી, જેમ કે, ટેબલ કવર્સ, ડાઇનિંગ નેપકિન્સ, પ્લેસમેટ, રનર્સ, બ્રેડ બાસ્કેટ્સ,


HGH INDIA 2019
HOME DECOR ■■ GIFTS ■■ HOUSEWARE
JULY 2-4, 2019
BOMBAY EXHIBITION CENTRE, MUMBAI

ટ્રેડ વિઝિટર્સ !
ઓનલાઇન રજિસ્ટર કરો
www.hghindia.com
૨૦મી જૂન, ૨૦૧૯ સુધી
અને
બચત કરો રૂ. ૧૦૦૦ની
એન્ટ્રી ફી
વધુ માહિતી અને સહાય માટે
કૃપા કરી સંપર્ક કરો

અમર શર્મા Mob.: +૯૧ ૯૯ ૬૭૬ ૦૦૨૮૬ /
ઇકાલા અન્સારી Mob: +૯૧ ૯૯ ૩૦૧ ૭૨૯૭૩
મુંબઈ: Tel.: +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧
Fax: +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૬
દિલ્હી: Tel.: +૯૧ (૧૧) ૨૫૭૧ ૪૧૧૧
Fax: +૯૧ (૧૧) ૨૫૭૧ ૪૧૧૬
Email: visitors@hghindia.com


એપ્રન્સ, મિટન્સ, કિચન ટોવેલ્સ, ટી કોઝીઝ વગેરેની ભારતીય શ્રેણી કરુરથી જયકૃષ્ણ ટેક્સ, એરવિલ હોમ કલેકશન્સ, હોમ પ્લસ રિટેઇલ્સ અને સુપીરિયર હોમ ફેશન્સ જેવા એક્ઝિબિટર્સ દ્વારા લાવવામાં આવશે.

હોલ ૨ અને હોલ ૩માં ઝેજિયાંગ પેવિલિયનમાં ઘણા બધા ચાઇનીઝ એક્ઝિબિટર્સ લેમિનેટેડ ટેક્સટાઇલ્, પીવીસી અને કોટેડ ફેબ્રિક્સમાં મિટન્સ, ટેબલ કવર્સ, પ્લેસ મેટ્સ, ટેબલ લિનેન અને કિચન લિનેનની ઓછી જાળવણી કરવી પડતી શ્રેણી પ્રસ્તુત કરશે. આ શ્રેણીમાં અમુક મુખ્ય એક્ઝિબિટર્સમાં ઝેજિયાંગ ઝિરાન હાઉસવેર કં. લિ., ઇવુ નિંગઝિમ ડેઈલી કોમોડિટી કં.લિ., નિંગબો સ્પ્લેન્ડિડ હોમ ટેક્સટાઇલ્સ, કં. લિ., નિંગબો હાયફુ એક્સપોર્ટસ ક. લિ., ચાંગશુ લવ જોય ટેક્સટાઇલ ઇમ્પોર્ટ એન્ડ એક્સપોર્ટસ પ્રા. લિ.નો સમાવેશ રહેશે.



પેન ઓવરસીઝ



ટેક્સટાઇલ્સ

**જુલાઈ ૨-૪, ૨૦૧૯ બોમ્બે એક્ઝિબિશન સેન્ટર, ગોરેગાંવ (પૂર્વ), મુંબઈ.**

# વિઝિટર્સ સુવિધાઓ

## બિઝનેસ સેન્ટર

હોલ ૧ની અંદર વિઝિટર્સને કોમ્પ્યુટર, ઇન્ટરનેટ, ડોક્યુમેન્ટ પ્રિન્ટિંગ, બિઝનેસ કાર્ડસ પ્રિન્ટિંગ, સ્કેનિંગ, ફેક્સ અને સ્ટેશનરી ખરીદી વગેરે જેવી સુવિધાઓ મળશે. આ સેવાઓ ટ્રેડ શોના દિવસો દરમિયાન (૨-૪ જુલાઈ, ૨૦૧૯) સવારે ૯થી સાંજે ૬.૩૦ સુધી લાગુ શુલ્કના ધોરણે મળશે.

## કાર હાયર

એક્ઝિબિટર્સ અને વિઝિટર્સ પાના નં. ૫૭માં એનેક્સર ૮માં દર્શાવ્યા મુજબ ટેરિફ અનુસાર એચજીએચ ઇન્ડિયાની આખી મુદત અથવા કોઈ પણ દિવસ માટે વિધિસર ટ્રાવેલ એજન્ટ્સ નારાયણ હોસ્પિટાલિટી સર્વિસીસ પાસેથી ડ્રાઇવરો સાથે ઇકોનોમી અને લક્ઝરી કાર્સમાંથી કોઈ પણ ભાડે લઈ શકશે. જો તમે ટ્રેડ શોના ત્રણેત્રણ દિવસ વાહન રાખવા માગતા હોવ તો કૃપા કરીને અગાઉથી ટ્રાવેલ એજન્ટને જાણ કરો, જેથી તમારું વાહન તે અનુસાર આરક્ષિત રાખી શકાશે. મુંબઈમાં જુલાઈમાં વરસાદ પડતો હોવાથી ખાસ કરીને બહારગામના એક્ઝિબિટર્સ માટે પ્રદર્શનના દિવસોમાં આખો દિવસ કમસેકમ એક કાર ભાડે લઈને રાખવાનું સલાહભર્યું છે. જોકે આખરે પસંદગી સંપૂર્ણપણે તમારી છે.

એચજીએચ ઇન્ડિયાની બધી વિગતો વેબસાઇટ પરથી મળી શકશે અથવા તમે ઇમેઇલ કરી શકો છો travel@hghindia.com.

## કુરિયર સેવાઓ

કુરિયર સેવાઓ એક્ઝિબિટર્સ અને વિઝિટર્સ માટે કુરિયર સર્વિસિસ હોલ ૧માં વિઝિટર્સ રજિસ્ટ્રેશન ડેસ્ક નજીક સર્વિસિસ એરિયામાં મળી રહેશે. તમે ડેઝિગ્નેટેડ કુરિયર ડેસ્ક થકી કુરિયર પેકેટ્સ મોકલવાનું કે પ્રાપ્ત કરવાનું પસંદ કરી શકો છો.

## હોટેલ અને મુકામ

એચજીએચ ઇન્ડિયાએ બોમ્બે એક્ઝિબિશન સેન્ટરથી એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯ ખાતે સુવિધાજનક રીતે પહોંચી શકાય તેવી બિઝનેસ, લક્ઝરી, બજેટ હોટેલો સાથે ડિસ્કાઉન્ટ આપવા બદલ વાટાઘાટ છે કરી આ માટે અમારી વેબસાઇટ પર ટ્રાવેલ ટેબ પર ક્લિક કરો www.hghindia.com. આ ટેબમાં એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯ના રજિસ્ટર્ડ એક્ઝિબિટર્સ અને વિઝિટર્સને હોટેલ્સ પ્રોફાઇલ્સ, સ્ટાર રેટિંગ, એવેલેબિલિટી, પ્રાઇસીસ, ઓફર કરાતી સર્વિસીસ, સ્થળથી ડિસ્ટન્સ વગેરે માહિતી લિંક ટ્રાવેલ એન્ડ સ્ટે પર ક્લિક કર્યા પછી તેમની લોગઇન આઇડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને મળી શકે છે. તમે એચજીએચ ઇન્ડિયાના વિધિસર ટ્રાવેલ એજન્ટ નારાયણ હોસ્પિટાલિટી સર્વિસિસ થકી પણ તમારી હોટેલ બુક કરાવી શકો છો અને લાગુ હોય ત્યાં વિશેષ ડિસ્કાઉન્ટના દરો અને અન્ય સુવિધાઓ પણ મેળવી શકો છો.

બધી વિગતો એચજીએચ ઇન્ડિયાની વેબસાઇટ પર મળી શકશે અથવા તમે ઇમેઇલ કરી શકો hotels@hghindia.com.

## લેફ્ટ લગેજ

વિઝિટર્સ અને એક્ઝિબિટર્સની સુવિધા ખાતર એચજીએચ ઇન્ડિયા દ્વારા હોલ ૧ અને હોલ ૩માં વિઝિટર રજિસ્ટ્રેશન નજીક લેફ્ટ લગેજ સુવિધા નિર્માણ કરવામાં આવી છે. વિઝિટર્સ અને એક્ઝિબિટર્સ ટ્રેડ શોના દિવસો (૨-૪ જુલાઈ, ૨૦૧૯) દરમિયાન સવારે ૯થી સાંજે ૭.૩૦ સુધી નિ:શુલ્ક આ સુવિધા મેળવી શકશે.

## મેડિકલ સર્વિસિસ (ફર્સ્ટ એઇડ)

વિઝિટર્સ અને એક્ઝિબિટર્સના આરોગ્ય અને સુરક્ષાને અગ્રતા આપતા એચજીએચ ઇન્ડિયાએ ફર્સ્ટ એઇડ અને પ્રાથમિક મેડિકલ ફેસિલિટીઝ માટે વ્યવસ્થા કરી છે. તેને ફર્સ્ટ એઇડ તરીકે નિશાન કરાયેલું હશે અને તે હોલ ૧માં વિઝિટર રજિસ્ટર એરિયા નજીક સ્થિત હશે. એમ્બ્યુલન્સ ફેસિલિટી બધા દિવસો દરમિયાન હોલ ૧ની બહાર રહેશે, જેમાં સેટ-અપ અને ટ્રેડ શોના દિવસો (૨૯ જૂન- ૪ જુલાઈ, ૨૦૧૯) સહિતનો સમાવેશ થાય છે.

## પાર્કિંગ

પે એન્ડ પાર્ક ધોરણે બોમ્બે એક્ઝિબિશન સેન્ટરમાં વિઝિટર્સ કાર પાર્કિંગ માટે અલગ જગ્યા ફાળવવામાં આવી છે. આ વિસ્તારમાં પ્રવેશ બોમ્બે એક્ઝિબિશન સેન્ટરના ગેટ ૧ અને ગેટ ૨માંથી હશે. આ સુવિધા બોમ્બે એક્ઝિબિશન સેન્ટર દ્વારા કરવામાં આવી રહી છે. પાર્કિંગ ચાર્જીસ ટ્રેડ શોના વિઝિટર કલાકો દરમિયાન દિવસમાં એન્ટ્રી દીઠ રૂ. ૧૦૦ રહેશે. માલ વાહનોને વિઝિટર પાર્કિંગ એરિયામાં પાર્કિંગ કરવા મળશે નહીં. વિઝિટર્સ માટે બોમ્બે એક્ઝિબિશન સેન્ટરમાં ફ્રી પાર્કિંગ નથી.

## પ્રેયર રૂમ

પ્રેયર રૂમ હોલ ૧ અને હોલ ૩નાં સંકુલોમાં નિર્માણ કરવામાં આવ્યો છે, જ્યાં ૨-૪ જુલાઈ, ૨૦૧૯ના ટ્રેડ શોના કલાકો દરમિયાન એક્ઝિબિટર્સ અને વિઝિટર્સ ચાહતા હોય તો પ્રાર્થના કરી શકશે. અચૂક જગ્યા સિગ્નેજ પરથી અથવા હોલ્સમાં સ્થિત ઇન્ફોર્મેશન ડેસ્ક્સ પરથી શોધી શકાશે.

## રેસ્ટોરાં અને કેફેટેરિયા

૨૯ જૂનથી ૨ જુલાઈ, ૨૦૧૯ના સેટ-અપ સમયગાળા દરમિયાન કાર્યશીલ કેફેટેરિયા હોલ ૧ અને હોલ ૩ની અંદર અથવા પાસે તેમ જ હોલ ૧ની બહાર રખાશે, જેથી એક્ઝિબિટર્સ, કોન્ટ્રાક્ટર્સ અને તેમના સ્ટાફ માટે ખાવા- પીવાની સુવિધા રહે. આ સંપૂર્ણ ફૂડ સર્વિસ બોમ્બે એક્ઝિબિશન સેન્ટરના વિભાગ નેસ્કો હોસ્પિટાલિટી દ્વારા વ્યવસ્થાપન કરાશે અને સંકુલની બહારનું ખાવાનું નેસ્કોના નિયમ અનુસાર એક્ઝિબિશન સેન્ટરમાં લાવવા નહીં દેવાય.

ફ્રી ડ્રિન્કિંગ વોટર સેટ-અપના દિવસો અને ટ્રેડ શોના દિવસો દરમિયાન બધા એક્ઝિબિટર્સ અને વિઝિટર્સને આયોજકો દ્વારા આપવામાં આવશે. પીવાનું પાણી બોમ્બે એક્ઝિબિશન સેન્ટરમાં કેફેટેરિયા અને રેસ્ટોરાંમાંથી ખરીદીને પણ લઈ શકાશે.

૨-૪ જુલાઈ, ૨૦૧૯ના ટ્રેડ શો ડેઝમાં ઘણા બધા ફૂટ કોર્ટસ, રેસ્ટોરાં અને કેફેટેરિયા હોલ ૧, હોલ ૨ અને હોલ ૩ની અંદર અથવા પાસે તેમ જ બોમ્બે એક્ઝિબિશન સેન્ટર પ્રિમાઇસેસ (હોલની બહાર) કાર્યરત રહેશે. આઉટડોર કેફેટેરિયા હોલ ૧ના પ્રવેશ (ધ ગ્રાન્ડની બાજુમાં)ની સામે ઓર્ચર્ડ ખાતે કાર્યરત રહેશે. ઓર્ગેનાઇઝર્સ દ્વારા સર્વ એક્ઝિબિટર્સ, ટ્રેડ વિઝિટર્સ અને વીઆઈપી માટે ખાસ લાઉન્જીસ સ્થાપવામાં આવશે, જ્યાં પણ હોસ્પિટાલિટી અને પીણાં મળશે.

## શટલ બસ સર્વિસ

એક્ઝિબિટર્સ અને વિઝિટર્સની સુવિધા માટે એચજીએચ ઇન્ડિયાએ ટ્રેડ શોના સ્થળથી મુંબઈ શહેર અને સ્થળની નજીકનાં રેલવે સ્ટેશન સુધી મહત્ત્વપૂર્ણ એન્ટ્રી અને એક્ઝિટ પોઇન્ટ વચ્ચે ફ્રી શટલ બસ સર્વિસિસની વ્યવસ્થા કરી છે. આમાં ડોમેસ્ટિક એરપોર્ટ, ઇન્ટરનેશનલ એરપોર્ટ અને મુખ્ય રેલવે સ્ટેશન્સ નામે સીએસએમટી (મુંબઈ વીટી), મુંબઈ સેન્ટ્રલ, બોરીવલી (ઇસ્ટ), ગોરેગાવ (ઇસ્ટ), રામમંદિર (ઇસ્ટ), અંધેરી (ઇસ્ટ), મેટ્રો વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે સ્ટેશન અને દાદર (ઇસ્ટ)નો સમાવેશ રહેશે. શટલ બસ એચજીએચ ઇન્ડિયાના સ્થળથી વિવિધ હોટેલ્સ સુધી પણ મળશે. વિવિધ સ્થળથી પિક અપ અને ડ્રોપ માટે પ્રસ્તાવિત સમયપત્રક વેબસાઇટ પર આપવામાં આવ્યાં છે. જોકે તે ફેરફારને આધીન છે. આખરી અપડેટ કરેલું શિડ્યુલ અને પિક-અપ પોઇન્ટ્સ લિંક ટ્રાવેલ, વિઝિટર સર્વિસીસ અને એક્ઝિબિટર સર્વિસીસ હેઠળ અમારી વેબસાઇટ www.hghindia.com પરથી મળી શકશે. તે બસની અંદર અને બોર્ડિંગ સ્થળો ખાતે ઇન્ફોર્મેશન ડેસ્ક્સ પરથી પણ મળી શકશે.

અપડેટેડ શિડ્યુલ અને ડ્રોપ પોઇન્ટસની વિગતો વિઝિટર્સ અથવા એક્ઝિબિટર્સ મેનુ હેઠળ ટ્રેડ શોની વેબસાઇટ www.hghindia.com પરથી પણ મળશે. બન્નેમાં સબ- મેનુ જનરલ ફેસિલિટીસ અને રીચિંગ ધ વેન્યુ જોવા મળશે. આ મથાળાં હેઠળ શટલ બસ આઇટમ જુઓ. શિડયુલ બસની અંદર અને સ્થળ પર બોર્ડિંગ સ્થળો ખાતે ઇન્ફોર્મેશન ડેસ્ક્સ પરથી પણ મળી શકશે.

## ટ્રાવેલ સર્વિસિસ

એચજીએચ ઇન્ડિયાના ઓફિસર ટ્રાવેલ એજન્ટ નારાયણ હોસ્પિટાલિટી સર્વિસિસ એક્ઝિબિટર્સ અને વિઝિટર્સ માટે ટ્રાવેલ સર્વિસિસની વ્યાપક શ્રેણી ઓફર કરે છે. આમાં ભારતભરમાં મુખ્ય પર્યટન સ્થળો માટે ઘરઆંગણાની અને આંતરરાષ્ટ્રીય એર ટિકિટ્સ, કાર હાયર, હોટેલ રિઝર્વેશન્સ અને પેકેજ્ડ ટુર્સનો સમાવેશ થાય છે. તેઓ મુંબઈ શહેર અને આસપાસમાં ટૂંકા ટુર પેકેજ પણ ઓફર કરે છે. ટ્રાવેલ એજન્ટનો ટ્રાવેલ સેક્શન www.hghinida.com પરથી સંપર્ક કરી શકાશે.

એચજીએચ ઇન્ડિયા હોલ ૧માં ટ્રાવેલ ડેસ્ક ધરાવશે, જે ઓફિશિલ ટ્રાવેલ એજન્ટ સંભાળશે, જ્યાં એક્ઝિબિટર્સ અને વિઝિટર્સ ૨-૪ જુલાઈ, ૨૦૧૯ સુધી પ્રવાસ સંબંધી બધી સુવિધાઓ ઉપલબ્ધ કરી શકે છે.

છેલ્લી ઘડીએ નિરાશા અને અસુવિધા ટાળવા માટે તમારી હોટેલોનું બુકિંગ અને તમારી અન્ય પ્રવાસની સુવિધાઓની વ્યવસ્થા અગાઉથી કરી રાખવાનું સલાહભર્યું છે.

## અંબ્રેલા સર્વિસ

ચોમાસાની મોસમને ધ્યાનમાં રાખીને અંબ્રેલા સર્વિસ ડેસ્ક વિઝિટર રજિસ્ટ્રેશન એરિયામાં હોલ ૧ અને હોલ ૩ની અંદર નિર્માણ કરવામાં આવી છે. અહીં એક્ઝિબિટર્સ અને વિઝિટર્સ ટ્રેડ શોમાં તેમની મુલાકાત દરમિયાન તેમની છત્રીઓ મૂકી શકશે. મુલાકાતીઓને છત્રી સામે ટોકન આપવામાં આવશે, જે તેઓ સ્થળથી પાછા જાય ત્યારે બતાવીને પાછી લઈ શકશે. ટ્રેડ શો ડેઝમાં આ સુવિધા મફત મળશે (૨-૪ જુલાઈ, ૨૦૧૯), સવારે ૯થી સાંજે ૭.૩૦ સુધી.